પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા
વિધ્યા સહાયકની યોજના - ઉપલી વયમર્યાદા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૧૨૦૦૦-ઇએમ-૪૪૨-ક,
શ્રાવણ સુદી તેરશ (પ્રથમ), વિક્રમ સંવત ૨૦૫૭,
તારીખઃ- ૧-૮-૨૦૦૧.

સંદર્ભ :-
૧. શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
૨. શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૯૮નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૩૯૮-સીસી-૨૯૪-ક
૩. શિક્ષણ વિભાગનો તા. ૨૧-૬-૨૦૦૦નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૪. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૦નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક

ઠ રા વ :-

સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે. પ્રાથમિક શાળાઓમાં પૂરતા પ્રમાણમાં વિધ્યાસહાયકો ઉપલબ્ધ થાય તે હેતુથી પી.ટી.સી. ઉમેદવારોના ઉપલી વયમર્યાદા વધારવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું. આ અન્વયે તમામ પી.ટી.સી. બેરોજગાર ઉમેદવારોને ભરતી પ્રસંગે પુરતી તક મળી રહે તેને ધ્યાને લઇને વિધ્યાસહાયક ભરતી યોજનાની ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવાની બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકાર સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવના ફકરા (૪) ની જોગવાઇ (ક)માં નીચે પ્રમાણેની જોગવાઇ ઉમેરવાનું ઠરાવે છે :-

**(ક)(૧) : નિમણૂંક માટે પાત્ર ઉમેદવારની, સરકારના વખતોવખતના ઠરાવ મુજબ નકકી થયેલી ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષથી વધે નહિ તેટલી છુટછાટ આપવાની રહેશે. આ છૂટછાટ ત્રણ શૈક્ષણિક વર્ષ માટે આપવામાં આવે છે. આ ઠરાવનો અમલ ઠરાવની તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૧થી કરવાનો રહેશે.**

આ હુકમો સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા. ૨૭-૭-૨૦૦૧થી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ. એ. નાગોરી ),
અધિક સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન. મંત્રીશ્રી, શિક્ષણ તથા માન. રા.ક.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-વિકાસ કમિશ્નરશ્રી, ગુ.રા., ગાંધીનગર.
-નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
-તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
-તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- સર્વ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા - નગરપાલિકા અને નગરપંચાયત.
-નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર
-માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.